| |
|---|
| **અગ્રતા ક્રમ : ૦૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૬**<br>**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:-: શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા)** |
| **પૂરક પ્રશ્ન (૧)** :તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળ, ચાણસદને પ્રવાસન તરીકે વિકસાવવાની કામગીરીમાં કુલ કેટલો ખર્ચ કરેલ છે ? |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના ચાણસદ ખાતે આવેલ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ જન્મ સ્થળ ખાતે નીચે મુજબ ની કામગીરી હાથ ધરેલ છે. |

- સ્ટેચ્યુ ઓફ પ્રમુખ સ્વામી
- પ્રાગટ્ય તીર્થ
- મેમોરીયલ
- પાર્કિંગ
- ગેટ
- અક્ષર સેતુ
- ઓરીયેન્ટેશન સેન્ટર
- ફુડ કોર્ટ
- ગઝેબો
- ચિલ્ડ્રન પ્લે એરીયા
- ટોઈલેટ બ્લોક વગેરે

ઉક્ત કામગીરી માટે અંદાજીત રૂ. ૨૭.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે જે પૈકી ગુજરાત સરકારનાં પ્રવાસન નિગમ દ્વારા રૂ.૧૦.૦૦ કરોડની ગ્રાન્ટ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા,ચાણસદને ફાળવેલ છે.હાલમાં ઉક્ત કામગીરીની જાળવણી તથા નિભાવણી બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૦૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૬**<br>**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:-શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ)** |
| **પૂરક પ્રશ્ન (૨)** તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળ, ચાણસદને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરીની હાલ ની પરિસ્થિતિ શું છે? આ ઉપરાંત ગત વર્ષમાં સદર સ્થળ ખાતે કેટલા પ્રવાસીઓ એ મુલાકાત લીધેલ છે તેની વિગત જણાવશો. |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના પ્રેરક પ્રમુખ સ્વામીનું પ્રાગટ્ય સ્થાન ચાણસદ |

ગામ વડોદરા જીલ્લાના પાદરા તાલુકામાં આવેલ છે. આ ગામમાં આવેલ તળાવ કે જે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનું બાળપણનું પ્રસાદીભૂત તળાવ છે. સમગ્ર ભક્તજનો માટે આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. આ પ્રવિત્ર ગામની મુલાકાતે દેશ-વિદેશના અનેક ભક્તજનો તથા પર્યટકો અવારનવાર આવતા રહે છે.

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રમુખ સ્વામી મહારાજના જન્મ સ્થળ, ચાણસદને પ્રવાસન તરીકે વિકસાવવાની કામગીરીની પૂર્ણ થયેલ છે તથા તા. ૦૯/૦૪/૨૦૨૩નાં રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરી ને જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ છે.

આ સ્થાનના મુલાકાતીઓની સંખ્યા નીચે મુજબ છે:-

| ક્રમ | વર્ષ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૨૩ | ૯,૮૩,૦૫૫ |

| |
|---|
| |
| **અગ્રતા ક્રમ : ૦૯**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૬**<br>**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:–શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઇ)** |
| **પૂરક પ્રશ્ન (૩)** તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ, વડોદરા જીલ્લામાં પ્રવાસન વિભાગ દ્વારા કઈ કઈ કામગીરી કરવામાં આવેલ છે?. |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ, વડોદરા જીલ્લામાં હાથ ધરેલ કામગીરીની વિગત:-<br><br>વડોદરા જીલ્લાના વઢવાણા ખાતે આવેલ બર્ડ સેન્ચુરી ખાતે પ્રવાસી સુવિધા |

વિકસાવવા અર્થે કલેકટરશ્રી વડોદરાને રૂ. ૫૦૩.૪૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટ અંતર્ગત ગેસ્ટહાઉસ ,કીચનની સુવિધા,ફૂડકોર્ટની સુવિધા,શૌચાલયની સુવિધા તથા તેના જેવી અન્ય કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે તથા તે અર્થે કુલ ૫૦૩.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.

આ ઉપરાંત કારેલીબાગ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમોરીયલ અને સંકલ્પ ભૂમિ પ્રોજેક્ટ પાર્ટ – ૧ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે કલેકટરશ્રી વડોદરાને રૂ.૧૧૮૧.૦૦ લાખ ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.સદર પ્રોજેક્ટ અંતર્ગત પાર્કિંગ,મ્યુજીયમ બિલ્ડીંગમાંસ્ટ્રકચરલ ડોમ તથા એસીપી , એમ્ફી થીયેટર ,સુવેનીયાર શોપ તથા તેના જેવી અન્ય કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી અર્થે તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ રૂ. ૧૦૭૬.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવુંતો સાવલી ખાતે આવેલ કમળતળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે રૂ. ૭૪૦.૦૦ લાખની પ્રોજેક્ટ કોસ્ટ મંજુર કરેલ છે. સદર કામગીરીની ગ્રાન્ટ કલેકટરશ્રી વડોદરાને ફાળવેલ છે તથા તે અંતર્ગત તળાવની કાઠા નો વિકાસ, ઘાટ અને વોક-વે, ટોયલેટ બ્લોક, પાર્કિંગ, લેન્ડ સ્કેપિંગ, કમ્યુનીટી હોલ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

વિશેષમાં ડભોઈ ખાતે આવેલ તેન તળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે રૂ. ૩૦૭.૦૦ લાખની પ્રોજેક્ટ કોસ્ટ મંજુર કરેલ છે. સદર કામગીરીની ગ્રાન્ટ કલેકટરશ્રી વડોદરાને ફાળવેલ છે તથા તે અંતર્ગત ઘાટ નાં પગથિયાનું બાયો વોશ, જુના પગથિયાનું રીનોવેશન, તળાવની ફરતે વોક-વે, કમ્યુનીટી હોલ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વડોદરા જીલ્લા ના ભાદરવા ખાતે આવેલ ચેહરમાતા ટેમ્પલ ખાતે

પ્રવાસી સુવિધા વિકસાવવાની કામગીરી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. સદર પ્રોજેક્ટ અંતર્ગત ગ્રાઉન્ડ વત્તા ૩ માળનું બિલ્ડિંગ, બોક્ષ કલવરટ, પથ્થરની કોતરણી, ફેબ્રિકેશન બ્રીજ જેવી કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી અર્થે કુલ રૂ. ૧૧૫૬.૫૫ લાખનો ખર્ચ થયેલ છે તથા તા. ૨૧/૧૦/૨૦૨૨નાં રોજ માં. મુખ્યમંત્રીશ્રી દ્વારા તેનું ઈ - લોકાર્પણ કરવામાં આવેલ છે.